બાળકોનું બાઈબલ
રજૂ કરે છે :



# મંડળીમાં સંકટ આવી પહોંચે છે

લેખક : Edward Hughes

સુચરિત્ર કરનાર : Janie Forest

અનુકૂલન : Ruth Klassen

ભાષાંતર કરનાર : મનોજકુમાર આઈ. ખ્રિસ્તી

નિર્માતા : Bible for Children
www.M1914.org

©2017 Bible for Children, Inc.
પરવાનગી : આ સાહિત્યનો જ્યાં સુધી તમે વ્યાપર કરતા નથી ત્યાં સુધી તમે તેની નકલ છાપી શકો છો.

પ્રભુ ઈસુના મૃત્યુમાં ઈશ્વરે તેના પવિત્ર આત્માને મોકલી આપ્યો, જેથી તે તેના શિષ્યોની સાથે રહી શકે. જો કે તેઓ સમજી શક્યા નહીં કે, ઈશ્વરપિતા, ઈશ્વર પુત્ર અને ઈશ્વર પવિત્ર આત્મા ત્રણે જણ કેવી રીતે એક સાથે મળીને એક ઈશ્વર છે.



છતાં તેઓ ખુશ હતા કે ઈશ્વર તેમની સાથે હતો.
ઈશ્વરે પ્રેરિતો દ્વારા એવી અદ્ભૂત બાબતો કરાવી કે
જેથી તેઓ ઈસુ વિશે બીજા લોકોને જણાવી શકે.



જે લોકોએ ઈસુ પર વિશ્વાસ કર્યો
તેમણે પોતાના નાણાં બીજા લોકો
સાથે પણ એવી રીતે વહેંચ્યા કે
ગરીબ લોકોની પણ સાર
સંભાળ લેવામાં આવી.

પણ એક યુગલ
જેનું નામ
અનાન્યા અને
સાફિરા હતાં
તેઓ અપ્રમાણિક હતાં.



તેઓએ અમુક જમીન વેચીને
એવો ઢોંગ કર્યો કે તેઓ તેના
બધા નાણાં પ્રેરિતોની આગળ
લાવીને મૂક્યા છે.
તેમણે અમૂક પૈસા
છાનામાંના
પોતાની પાસે
રાખી મૂક્યા.





“શા માટે શેતાને તમારા હૃદયમાં તમને પવિત્રઆત્માની  વિરૂદ્ધ જૂઠુ બોલવા માટે તૈયારકર્યા છે.” પીતરે અનાન્યાને પૂછ્યું. “તમે માણસો નહિં પણ ઈશ્વરની સામું જૂઠું બોલ્યા છો.



તે સાંભળતાની સાથે
ત્યાં અનાન્યા ગબડી પડ્યો
અને છેલ્લો શ્વાસ લીધો.”
જુવાન માણસોએ તેને કપડામાં
વીંટાળ્યો અને તેને દાટવા માટે
લઈ ગયાં.

થોડા સમય બાદ સાફિરા અંદર આવી તેને ખબર ન હતી કે તેનો પતિ મૃત્યુ પામ્યો છે. તેણીએ પણ પૈસા વિશે જુઠ્ઠુ કહ્યું અને તે પણ તે પ્રમાણે મરી ગઈ. જે સર્વ લોકોએ



પ્રભુ પવિત્ર
આત્માએ
પ્રેરિતો દ્વારા
ઘણા ચિહ્નો અને
અદ્ભૂત કાર્યોં કર્યાં.
જેમ કે જ્યારે પિતરનો
પડછાયો લોકો પર
પડ્યો ત્યારે લોકો
સાજા થઈ ગયાં.



આવો સમય હતો
જ્યારે મોટા
ચમત્કાર અને
ઈશ્વરની હાજરીનો
પ્રત્યક્ષ અનુભવ
કરવાનો.



એમ વધુને વધુ
લોકો ઈસુમાં
વિશ્વાસ કરવા
લાગ્યા. તેથી મુખ્ય
યાજકોને ઘણો ગુસ્સો
આવ્યો અને તે



પ્રેરિતોના જેલમાં
નંખાવ્યા.



પણ રાત્રે
ઈશ્વરના
દૂતે આવીને
જેલના દરવાજા
ખોલીને તેમને
બહાર આણ્યા,
અને તેઓને
કહ્યું કે, “જાઓ, મંદિરમાં ઊભા રહો અને લોકોની આગળ આ જીવનના શબ્દો કહી સંભળાવો.”



પ્રેરિતો બહાર ગયા અને ઈસુ વિશે પ્રચાર કરવાનું શરૂ કરી દીધું. સવારમાં મુખ્ય યાજકના માણસોએ જેલને ખાલી જોઈ.

જ્યારે આખારે તેઓ તેમને મળી આવ્યા ત્યારે મુખ્ય યાજકે તેમને ધમકાવ્યા. “અમે તમને તાકીદ કરીને આજ્ઞા નથી આપી કે તમારે તે નામ લઈ કંઈ શીખવવાનું નહી.” “અમારે માણસો કરતા દેવને આધિન થવું જોઈએ.” પીતર અને બીજા પ્રેરિતોએ જવાબ આપ્યો.



તેથી મુખ્ય યાજક ખુબ જ ગુસ્સે થઈ ગયો, તે પ્રેરિતોને મારી નાંખવા માંગતો હતો તેના બદલે તેમે તેમને ફટકા મારાવી કાઢી મૂક્યા. તેઓને દુ:ખ થયું હોવા છતાં પ્રેરિતો ઈશ્વરની આજ્ઞાને આધિન થયાં અને ઈસુ વિશે પ્રચાર કરવાનું ચાલુ રાખ્યું.



એક દિવસે એક વ્યક્તિ જેનું નામ સ્તેફન હતું તેની ધરપકડ કરવામાં આવી. સ્તેફન પ્રભુ ઈસુને પ્રેમ કરતો હતો. પવિત્ર આત્મા તેનો ઉપયોગ કરીને બીજાઓને તેના વડે ઈસુની વાત કહેવડાવતો.



અમુક વ્યક્તિઓએ જૂઠું બોલીને કહ્યું કે અમે
સ્તેફનને ઈશ્વરની વિરૂદ્ધ દુર્ભાષણ કરતો સાંભળ્યો.

એક પ્રકારની ખોટી ચકાસણી
અને કસોટી કર્યા પછી
તેને ઈસુ પરના
વિશ્વાસને કારણે
પથ્થરે મારીને
મારી નાંખવામાં
આવ્યો.



તે મૃત્યુ પામ્યો તે પહેલા તેણે પવિત્ર
આત્માથી ભરપૂર થઈને
સ્વર્ગ તરફ નજર કરી
તેણે જોયું કે ઈશ્વર
તેમના મહિમામાં
બેઠેલા જોયા.
તથા ઈસુને
તેમને જમણી
બાજુએ ઉભા
થયેલા જોયા.



જ્યારે તે ઈશ્વરને ઘાંટો
પાડી રહ્યો અને કહી
રહ્યો હતો કે,
“પ્રભુ ઈસુ
મારા આત્માનો
સ્વીકાર કર”
ત્યારે લોકોના
ટોળાએ તેમને
પથ્થરો માર્યા.



ઈસુ જ્યારે મૃત્યુ પામી રહ્યાં હતા
ત્યારે તેમણે જેમ તેમને
મારી નાંખનારને
માફી આપી તે જ
પ્રમાણે પોતાનો
છેલ્લો શ્વાસ
મૂકી દેતા
તેણે લોકોને
માટે માફીની
પ્રાર્થના કરી.



સ્તેફનનું મૃત્યુ સતાવણીનું એક નવું મોજુ મંડળી પર ફરી વળ્યું. એક જુવાન વ્યક્તિ જેનું નામ શાઉલ હતું, જે સ્તેફનના ખૂનમાં સામેલ હતો તેણે જેટલા ખ્રિસ્તી લોકો મળ્યા તે દરેકની ધરપકડ કરી.



તેઓમાંના ઘણા પોતાના ઘરબાર છોડીને યહૂદીયા અને સમરૂનના પ્રાંતમાં વિખેરાઈ ગયા. ફક્ત પ્રેરિતો જ યરૂશાલેમમાં રહ્યાં.



જો કે તેમના શત્રુઓએ તેમને મારી નાંખવા પ્રયત્નો કર્યાં, છતાં પણ વિખેરાઈ ગયેલા દરેક જયાં કાંઈ ગયા ત્યાં ઈસુની સુવાર્તાનો પ્રચાર કરતા રહ્યાં.



તેઓને પ્રભુ ઈસુની પાછળ ચાલવા માટે કોઈ રોકી
શક્યું નહીં. - કારણ કે ઈશ્વરનો પવિત્ર આત્મા
તેમનામાં જીવતો હતો અને
તેમના દ્વારા કાર્ય કરતો હતો.



મંડળીમાં સંકટ આવી પહોંચે છે

બાઈબલ, ઈશ્વરના વચનમાંથી વાર્તા

જે આપણને મળે છે,

પ્રેરિતોના કૃત્યો ૫-૭

“તમારા વચનનો પ્રવેશ પ્રકાશ આપે છે.”
ગીતશાસ્ત્ર ૧૧૯:૧૩૦

સમાપ્ત

આ બાઈબલની વાર્તા જણાવે છે. આપણને
કોણે બનાવ્યા અને તે ઈચ્છે છે કે તમે તેને ઓળખો.

ઈશ્વર જાણે છે કે આપણે ખરાબ
બાબત કરી કે જેને તે પાપ કહે છે. પાપની શિક્ષા
મરણ છે, પણ ઈશ્વર આપણને ખૂબ જ પ્રેમ કરે છે. જેથી તેણે
પોતાનો એકનો એક દિકરો, ઈસુ તેને મોકલી આપ્યો છે, જે
વધસ્તંભ પર મરી જઈને તમારા પાપની શિક્ષાને ઉઠાવી લીધી છે.
ત્યાર બાદ પ્રભુઈસુ જીવતા પાછા ઉઠીને પોતાનું ઘર જે સ્વર્ગ છે
તેમાં ગયા છે. તમે ઈસુ પર વિશ્વાસ રાખો છો તમે તમારા પાપોની
માફી માટે તેની પાસે માંગી શકો છો, તે તમારા પાપ માફ કરશે, તે
તમારી પાસે હ્રદયમાં અંદર આવીને તમારી સાથે રહેશે
અને તમે સદાકાળ તેની સાથે રહી શકશો.

જો  તમે આ સત્યને સ્વીકારો છો તો તમે આ કહો:
પ્રિય ઈસુ, હું માનું છું કે તમે ઈશ્વર છો, અને મારા પાપો માટે મૃત્યુ પામવા માણસ બન્યા, તમે આજે જીવીત છો, કૃપા કરી તમે મારા જીવનમાં આવો અને મારા પાપોની માફી આપો. જેથી મને નવું જીવન પ્રાપ્ત થાય અને હું સદા તમારી સાથે રહી શકું. તમારી આજ્ઞાઓ પાળવા માટે મને મદદ કરો જેથી હું તમારું બાળક બની શકું. આમીન.

બાઈબલ વાંચો અને ઈશ્વરની સાથે દરરોજ
વાત કરો યોહાન ૩:૧૬